જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૦૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૬૬ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, ૬૨૩ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૦૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૦૩/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ :** વિમલભાઇ કાળુભાઇ પંચાલ (રહે,વસુંધરા ફ્લેટ, નવા નરોડા ક્રીશ્નાનગર પાર્શ્વનાથ ધરણીધર વસુંધરા ફ્લેટ નરોડા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૧૭ ના કલાક ૧/૦૦ થી તા.૧૫/૧૧/૧૭ ના કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન ઝાયડસ હોસ્પીટલ સોલા ખેતલા આપા ટી સ્ટોલ એસ.જી.હાઇવે રોડ પાસેથી આરોપી (૧) જયમીન શાહ (૨) જયમીન શાહનો મીત્ર (જેઓનાં નામ-સરનામાની ખબર નથી) અને (૩) ઇબાદુલ્હા અનવરખાન પઠાણ (રહે,શાહપુર બહાઇ સેન્ટર મસ્તાંવાણી મસ્જીદની બાજુમા) ભેગામળી અમદાવાદ થી મુંબઇ જવાનુ કહી, જુદા-જુદા બહાને દમણ-ભરૂચ પાસે લઇ જઇ, મુંબઇ નેશનલ હાઇવે પલસાણા તાલુકાના કરણા ગામ પાસે આવેલ વિજય પેલેસ હોટેલમાં આરામ કરવાનું કહી, વિમલભાઇ હોટેલમા ફ્રેશ થવા જતા, તેઓની સ્વીફ્ટ કાર નંબર જીજે.૦૧.આર.એક્સ.૧૪૭૮ કિંમત રૂપિયા ૭,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ડાહ્યાભાઇ છગનભાઇ ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૦૪/૧૭**

**સોલા હાઇકોર્ટ :** રોનકભાઇ જયંતીલાલ પંચાલ (રહે,મુખ્યમંત્રી આવાસ યોજના ઇડબ્લ્યુ.એસ.આવાસ યોજના ચાંદલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૯/૧૧/૧૭ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની મુખ્ય દરવાજાની સ્ટોપર ખોલી, કોઇ અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, આઇફોન કિંમત રૂપિયા ૬૨,૦૦૦/- તથા રોકડ રૂપીયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપીયા ૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**ઓઢવ :** વિશાલ ફતહલાલ જૈન (રહે,શ્રીજી કોલોની સોસાયટી, અંબિકા સ્કુલની બાજુમાં વિરાટનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૯/૧૧/૧૭ સવાર ૪/૦૦ વાગ્યા દરમ્યાન સિંગરવા રોડ, ભગવતી નગર, મારૂતી સર્વિસ સ્ટેશનની બાજુમાં પોતાની કમલ ટાયર્સ નામની દુકાનનું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ટ્રકનાં અલગ-અલગ કંપનીના બિરલા જે.કે.કોન્ટીનેટલ વિગેરે ટાયરો નંગ-૫૨ કુલ કિંમત રૂપિયા ૭,૮૦,૦૦૦/- મતાનાં ચોરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

**અમરાઇવાડી :** ભરતભાઇ રમેશભાઇ વર્મા (રહે,કૈલાષનગર રાષ્ટ્રભારતી સ્કુલની બાજુમાં સી.ટી.એમ. હાટકેશ્વર રોડ અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૭ ના રાતના ૧૦/૦૦ થી તા.૨૯/૧૧/૧૭ સવાર ૮/૩૦ વાગ્યા દરમ્યાન અમરાઇવાડી પદમાવતી સોસાયટીના નાકે દુકાન નંબર-૮ ના ધાબા ઉપર પોતાના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સિલાઇ મશીન નંગ-૪ કિંમત રૂપિયા ૩૮,૦૦૦/- મતાનાં ચોરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૦૫/૧૭**

**સરદારનગર :** જીવણભાઇ ચેહરભાઇ સેનવા રહે, બી/૪૨ સેટેલાઇટ સેંટર વસ્ત્રાપુર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૧/૧૭ ના કલાક ૬/૪૫ વાગ્યાનાં સુમારે જીવણભાઇ તથા તેઓનાં પત્ની રમાબેન અમેરીકા થી અમદાવાદ શહેર એરપોર્ટ પર ઉતરેલ ત્યારે જીવણભાઇ એ પોતાની પાસેનો સામાન સ્ક્રીન મશીનમાં મુકેલ અને થોડીવારમાં મશીનમાંથી સામાન બહાર આવતા, જીવણભાઇની નજર ચુકવી, તેમની હેન્ડબેગ કે જેમા તેઓનાં કપડા તથા રોકડ રકમ ૨૫૦૦/- ડોલર તથા ભારતીય નાંણા રૂપિયા ૪૫૦૦/- મુકેલ હતા તે બેગની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.જી.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૪૦૬/૧૭**

**નારોલ :** ચિરાગભાઇ મહેન્દ્રભાઇ પટેલ (રહે,હાથીજણ વિવેકાનંદનગર તા.દસ્કોઇ જી.અમદાવાદ શહેર) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૧/૧૭ ના કલાક ૧૨/૫૦ વાગ્યાના સુમારે નારોલ પીરાણા ટોલ નાકા ચાર રસ્તા નજીક પોતાનો ભાઇ મયુરભાઇ મહેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૨૧) પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યો હતો દરમ્યાન એક ટ્રક નંબર એમ.એચ.૪૧.જી.૬૮૪૬ ના ચાલકે પોતાના કબ્જાની ટ્રક પુરઝડપે તથા ગફલતભરી રીતે ચલાવી લાવી, મયુરભાઇનાં મોટર સાયકલને પાછળથી ટક્કર મારતાં, મયુરભાઇને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં તેમનું સ્થળ ઉપર મૃત્યુનિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૪૦૭/૧૭**

**વેજલપુર :** રમેશભાઈ નગીનભાઈ ખત્રી (રહે,ચામુંડા ફ્લેટ જલતંરગ બસ સ્ટેન્ડ પાસે વેજલપુર) છેલ્લા દોઢેક વર્ષથી માનસીક બીમાર હોય અને કાંઈ કામ ધંધો કરતા ન હોય તા.૨૮/૧૧/૧૭ બપોરના ૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોસીન છાંટી સળગતા, કમરના ભાગે તથા બંન્ને હાથ તથા મોઢાના ભાગે દાઝી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશકુમાર સ્વરૂપસિંહ ચલાવે છે.

**કાગડાપીઠ :** પાયલ ડો/ઓ પરસોતમભાઇ ચૌહાણ (ઉ.વ.૧૭)(રહે,બળીયાદેવની ચાલી વિભાગ-૧, બીપીનપાર્ક સોસાયટી પાસે, ગરીબનગરના છાપરા, બહેરામપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૯/૧૧/૧૭ બપોરના ૨/૧૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.